છ-છ ટીમોના બે ડિવિઝન સાથે બે સ્તરીય WTC મોડેલનો વિચાર પડતો મૂકાયો

કેટલીક ટીમોએ વિચાર નકારતા 2027થી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 12 ટીમો સુધી વિસ્તારવામાં આવે તેવી સંભાવના

દુબઇ, તા. 12 : વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના બે-સ્તરીય મોડેલ અર્થાત ડિવિઝન વન અને ડિવિઝન ટુની સંભાવનાને બહુ સમર્થન ન મળવાથી તે વિચાર પડતો મુકવામાં આવ્યો છે અને હવે તે 12 ટીમો સાથે એક જ વિભાગમાં યોજાઇ શકે છે. તેની સાથે જ વન ડે સુપર લીગ પણ પુનર્જીવિત થવાની શક્યતા છે. ન્યુઝીલેન્ડના માજી બેટ્સમેન રોજર ટુઝના નેતૃત્વ હેઠળના કાર્યકારી જૂથે ગયા અઠવાડિયે દુબઇમાં તેમની ત્રિમાસિક બેઠકો દરમિયાન ICC બોર્ડ અને ચીફ એક્ઝિક્યુટિવ્સ કમિટીને તેમની ભલામણો સુપરત કરી હતી. ટુઝના નેતૃત્વ હેઠળના કાર્યકારી જૂથને ત્રણેય ફોર્મેટ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. વિવિધ દેશોએ WTC ચક્ર 2027-29 માટે દ્વિપક્ષીય શ્રેણી પર વાટાઘાટો શરૂ કરી દીધી હોવાથી આ નિર્ણય ઝડપથી લેવાની જરૂરિયાત હતી. જુલાઈમાં આઇસીસીની વાર્ષિક બેઠકમાં જ્યારે કાર્યકારી જૂથની રચના કરવામાં આવી, ત્યારે છેલ્લા દાયકાથી સમયાંતરે ચર્ચા થતી બે-સ્તરીય મોડેલની ફરી એકવાર ચર્ચા થઇ હતી. જોકે, ફંડીંગ મોડેલ લાગુ કરી શકાય કે કેમ તે અંગે શંકા હોવાથી, બે-સ્તરીય મોડેલને છોડી દેવામાં આવ્યું. એવું વિચારવામાં આવતું હતું કે ભારત, ઓસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ નાણાકીય વિતરણ દ્વારા ડિવિઝન ટુમાં ટીમોને ટેકો આપી શકે છે, પરંતુ આ ચર્ચાઓ કદી આગળ વધી શકી નહીં. પાકિસ્તાન, શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડીઝ જેવા દેશો, જેમને ડિવિઝન ટુમાં ઉતારી દેવામાં આવે તેવી શક્યતા હતી, તેમણે મુખ્ય ટીમો સામે રમવાની મર્યાદિત તકોનો ઉલ્લેખ કરીને આ વિચારનો વિરોધ કર્યો હતો.

આ બધા અવરોધને કારણે કાર્યકારી જૂથે ૧૨ ટીમોની WTCનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં અફઘાનિસ્તાન, ઝિમ્બાબ્વે અને આયર્લેન્ડનો સમાવેશ થાય છે, જે જુલાઇ 2027માં શરૂ થનારી આગામી સાયકલ માટે લાગુ થઇ શકે છે.

વન ડે સુપર લીગ પણ 2028ની શરૂઆતમાં ફરી શરૂ થઇ શકે

વ્હાઇટ-બોલ ક્રિકેટ ફોર્મેટમાં 2023ના વન ડે વર્લ્ડકપ પછી રદ કરાયેલી વન ડે સુપર લીગના સંભવિત પુનરુત્થાનનો સમાવેશ થાય છે. 13 ટીમોની લીગ જુલાઇ 2020માં વિકસાવવામાં આવી હતી જેથી 50 ઓવરના ફોર્મેટને વધુ સુસંગત બનાવી શકાય, પરંતુ ચુસ્ત સમયપત્રકને કારણે તે આગળ વધી શક્યું નથી. લીગ 2028ની શરૂઆતમાં ફરી શરૂ થઇ શકે છે, પરંતુ દરખાસ્તમાં કેટલી ટીમો ભાગ લેશે તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. 50 ઓવરના વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા વધારવા પર બહુ ભાર મૂકવામાં આવ્યો હોય તેવું લાગતું નથી અને 2027માં આ ટુર્નામેન્ટ 14 ટીમોની ટુર્નામેન્ટ હશે, જે ગયા વખતે ૧૦ ટીમો સુધી મર્યાદિત હતી.

ટી-20 વર્લ્ડકપમાં ટીમની સંખ્યા 24 કરવા માટેનું વધતું દબાણ

T20 વર્લ્ડ કપમાં પણ 20 ટીમો જ રાખવાની તૈયારી છે, જોકે કેટલાક વહીવટકર્તાઓ દ્વારા તેમાં ચારનો વધારો કરવાનું દબાણ કરવામાં આવી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય આખરે 32 ટીમો સુધી પહોંચવાનો છે. એસોસિયેટ સભ્યોએ T20 વર્લ્ડકપ ક્વોલિફાઇંગ ફોર્મેટમાં સુધારો કરવાનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો છે.

નેટ પ્રેક્ટિસમાં પંત પૂરી રિધમમાં જણાયો

યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલની પેસર્સ અને સ્પિનરો સામે પ્રેક્ટિસ, જુરેલે પણ નેટમાં લાંબો સમય વિતાવ્યો

ઋષભ પંતે નેટમાં બેટિંગ કરવા જતાં પહેલા 15 મિનિટ સુધી વિકેટકીપીંગ પ્રેક્ટિસ પણ કરી

કોલકાતા, તા. 12 (પીટીઆઈ) : પોતાના બહુપ્રતિક્ષિત ટેસ્ટ પુનરાગમન માટે તૈયારી કરી રહેલો ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત મંગળવારે નેટ પર સંપૂર્ણ ફોર્મમાં જોવા મળ્યો હતો અને દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ પહેલા ઇડન ગાર્ડન્સ ખાતે ટીમના તાલીમ સત્ર દરમિયાન તેણે સ્ટ્રોકનો મારો ચલાવ્યો હતો. ટીમ માટે આ એક સંપૂર્ણ સત્ર હતું જેમાં ઓપનર યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે પેસર્સ અને સ્પિનરો સામે નેટમાં ટર્ન લીધા હતા જ્યારે નિષ્ણાત બેટ્સમેન ધ્રુવ જુરેલે પણ લાંબો પ્રેક્ટિસ સત્ર કર્યો હતો.

માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટ દરમિયાન ક્રિસ વોક્સના બોલથી પગના અંગૂઠામાં ફ્રેક્ચર થયા બાદ જુલાઈથી રમતથી દૂર રહેલા પંતે બેંગલુરુમાં દક્ષિણ આફ્રિકા A સામે ભારત A માટે બિનસત્તાવાર ટેસ્ટ મેચોમાં સ્પર્ધાત્મક ક્રિકેટમાં વાપસી કરી હતી. પંતે પોતાના સત્રની શરૂઆત લગભગ 15 મિનિટ વિકેટકીપિંગ પ્રેક્ટિસ સાથે કરી, સ્ટમ્પની નજીક ઉભા રહીને ઉપખંડીય પરિસ્થિતિઓમાં અપેક્ષિત ઓછા ઉછાળા માટે તૈયારી કરી.

ટીમ ઇન્ડિયામાં પાછા ફર્યા પછી, પંતે જ્યાંથી બેટ મુક્યું હતું ત્યાંથી જ શરૂઆત કરી. તેણે નેટમાં ઝડપી બોલરો અને સ્પિન બોલરો બંનેનો સામનો કરીને હિંમત અને જોશ સાથે બેટિંગ કરી હતી. તેણે વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ અને રવિન્દ્ર જાડેજા સામે સ્ટ્રોક રમીને લગભગ એક કલાક મેદાન પર વિતાવ્યો. પંતે સ્લિપ પર રિવર્સ રેમ્પ શોટ અને ફાઇન લેગ પર સ્કૂપ શોટ રમ્યા. તેણે સ્પિનરો સામે પણ સારું પ્રદર્શન કર્યું, વધારાના કવર પર ઇનસાઇડ-આઉટ ડ્રાઇવ્સનો ઉપયોગ કર્યો અને બહારથી મિડવિકેટ સુધી સ્વીપ શોટ્સનો ઉપયોગ ચોક્કસ ફૂટવર્ક અને કાંડા નિયંત્રણ સાથે કર્યો.

સ્પિનરો પહેલાં બુમરાહનો સામનો મહત્વપૂર્ણ : ગ્રીમ સ્મિથ

મુંબઈ, તા. 12 (પીટીઆઇ) : માજી કેપ્ટન ગ્રીમ સ્મિથે બુધવારે કહ્યું હતું કે શુક્રવારથી શરૂ થતી બે ટેસ્ટ મેચની સીરિઝમાં સ્પિનરો રમતમાં આવે તે પહેલાં દક્ષિણ આફ્રિકાએ ભારતના મુખ્ય ઝડપી બોલર જસપ્રીત બુમરાહના ઘાતક ઓપનિંગ સ્પેલનો સામનો કરવાનો માર્ગ શોધવો પડશે. સ્મિથે કહ્યું કે સ્પિનરો આવે તે પહેલાં કોઈપણ ટીમ ઝડપી બોલરો સામે વિકેટ ગુમાવવા માંગશે નહીં. SA20 લીગ કમિશનર સ્મિથે અહીં મીડિયાને જણાવ્યું હતું કે મને લાગે છે કે જ્યારે તમે ઉપખંડમાં ક્રિકેટ રમો છો ત્યારે તે ક્યારેય ચર્ચાનો વિષય નથી હોતો, પરંતુ મને લાગે છે કે દક્ષિણ આફ્રિકાની ટીમ ચોક્કસપણે સ્પિનનો સામનો કેવી રીતે કરશે તેની તૈયારી કરી રહી હશે. પરંતુ મજબૂત શરૂઆત કરવી મહત્વપૂર્ણ છે, ત્રણ ટોચના ક્રમના બેટ્સમેન હોવા જોઈએ જે તમારા માટે મંચ સેટ કરી શકે. સ્પિનરો આવે તે પહેલાં બે કે ત્રણ બેટ્સમેન ગુમાવવાથી ખરાબ કંઈ નથી અને મેચમાં વસ્તુઓ પહેલાથી જ તમારી વિરુદ્ધ જઈ રહી છે.

પ્રથમ ટેસ્ટમાં ભારત પંત-જુરેલ બંનેને રમાડશે

ઇન ફોર્મ ધ્રુવ જુરેલને નીતિશ રેડ્ડીના સ્થાને ટીમમાં સમાવવાનું નક્કી કરી લેવાયું

વિકેટકીપર તરીકે ઋષભ પંત પ્રથમ પસંદગી, જુરેલ વિશુદ્ધ બેટ્સમેન તરીકે રમશે

કોલકાતા, તા. 12 (પીટીઆઇ) : ભારતીય ટીમના સહાયક કોચ રાયન ટેન ડોશેએ બુધવારે જણાવ્યું હતું કે, ઇન-ફોર્મ વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલ શુક્રવારથી દક્ષિણ આફ્રિકા સામે શરૂ થનારી પ્રથમ ટેસ્ટમાં રમશે અને તેને ટીમમાં સામેલ કરવા માટે ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીને બહાર મૂકવામાં આવશે.

ટેન ડોશેએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મને લાગે છે કે ટીમ કોમ્બિનેશનનો અમને સારો ખ્યાલ છે. ધ્રુવે છેલ્લા છ મહિનામાં જે રીતે પ્રદર્શન કર્યું છે અને ગયા અઠવાડિયે બેંગલુરુમાં દક્ષિણ આફ્રિકા A સામે તેણે જે બે સદી ફટકારી હતી તે જોતાં, તે આ મેચમાં રમશે તે નિશ્ચિત છે. સૌથી મહત્વની બાબત એ છે કે મેચ જીતવા માટે રણનીતિ વિકસાવવી. નીતિશ સાથેની અમારી પરિસ્થિતિ ચોક્કસપણે બદલાઈ નથી. તેને ઓસ્ટ્રેલિયામાં રમવાનો વધુ સમય મળ્યો નથી એવું તેમણે ઉમેર્યું હતું. ડોશેએ વધુમાં કહ્યું હતું કે પરંતુ હું કહીશ કે આ શ્રેણીના મહત્વ અને આપણે જે પરિસ્થિતિઓનો સામનો કરવાના છીએ તેને જોતાં, નીતીશ આ ટેસ્ટ મેચમાં રમે તેવી શક્યતા ઓછી છે. એ ઉલ્લેખનીય છે કે પીટીઆઇએ આઠમી નવેમ્બરના રોજ અહેવાલ આપ્યો હતો કે નિયમિત વિકેટકીપર ઋષભ પંત ફિટ થયા પછી ટીમમાં પાછો ફર્યો હોવાથી જુરેલને ટીમમાં શુદ્ધ બેટ્સમેન તરીકે સામેલ કરી શકાય છે.

સ્થાનિક સિઝનની શરૂઆતથી, જુરેલના સ્કોરમાં 140, 1 અને 56, 125, 44 અને 6, 132 અને અણનમ 127 રનનો સમાવેશ થાય છે. તેણે વેસ્ટ ઇન્ડિઝ સામેની છેલ્લી સીરિઝમાં તેની પ્રથમ ટેસ્ટ સદી પણ ફટકારી હતી, અને તેના પ્રભાવશાળી પ્રદર્શનને અવગણવું મુશ્કેલ છે.

ભારતને તેની જ ધરતી પર હરાવી વિજયની રાહનો અંત આણવા માટે અમે ઉત્સુક છીએ : કેશવ મહારાજ

કોલકાતા, તા. 12 (પીટીઆઇ) : દક્ષિણ આફ્રિકાએ 15 વર્ષથી ભારતમાં એક પણ ટેસ્ટ મેચ જીતી નથી અને તેમના મુખ્ય સ્પિનર કેશવ મહારાજે તેને તેમના સૌથી મુશ્કેલ પ્રવાસોમાંથી એક ગણાવીને કહ્યું કે તેની ટીમ આગામી સીરિઝમાં વિજયની આ રાહનો અંત આણવા માટે ખરેખર ઉત્સુક છે. મહારાજે ઓનલાઇન વાતચીતમાં કહ્યું કે અમારી ટીમ ખરેખર ભારતમાં ભારતને હરાવવા માટે ઉત્સુક છે. આ કદાચ સૌથી મુશ્કેલ પ્રવાસોમાંનો એક છે. અમને લાગે છે કે આ અમારી સૌથી મોટી કસોટીઓમાંની એક છે. આ અમારી જાતનું મૂલ્યાંકન કરવાની એક શ્રેષ્ઠ તક હશે. અમે ઉપખંડના અન્ય ભાગોમાં જીતવાનું શરૂ કરી દીધું છે અને અમારી ટીમમાં ભારતમાં જીતવાની ખરેખર ભૂખ અને ઇચ્છા છે. તેણે એવું પણ કહ્યું હતું કે મને નથી લાગતું કે અહીંની પરિસ્થિતિઓ પાકિસ્તાન જેટલી સ્પિનરો માટે અનુકૂળ હશે. મને લાગે છે કે વિકેટો સારી હશે અને રમત આગળ વધતાં સ્પિન બોલરોને મદદ કરશે. આપણે જે જોઈ રહ્યા છીએ તે જોતાં, ભારત કદાચ વધુ પરંપરાગત ટેસ્ટ વિકેટ પસંદ કરશે.

નીતિશ રેડ્ડી ભારતીય ટેસ્ટ ટીમમાંથી રિલિઝ, ભારત 'A' વતી વન ડે સીરિઝ રમશે

કોલકાતા, તા. 12 (પીટીઆઇ) : ભારતના ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીને ભારતીય ટેસ્ટ ટીમમાંથી રિલિઝ કરવામાં આવ્યો છે અને હવે તે ગુરુવારથી દક્ષિણ આફ્રિકા 'એ' સામે શરૂ થતી વનડે સીરિઝ માટે રાજકોટમાં ભારત 'એ' ટીમમાં જોડાશે. ભારતે ટેસ્ટ સીરિઝમાં વિકેટકીપર ઋષભ પંતની સાથે જ ધ્રુવ જુરેલને બેટ્સમેન તરીકે રમાડવાનું નક્કી કર્યા પછી નીતિશ રેડ્ડીએ પ્લેઇંગ ઇલેવનમાંથી સ્થાન ગુમાવ્યું હતું. ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન જાંઘની ઇજા અને ગરદનમાં ખેંચાણની સમસ્યાથી પિડાયા પછી નીતીશ રેડ્ડી રાજકોટમાં ભારત A ટીમમાં જોડાશે કારણ કે ટીમ મેનેજમેન્ટ ઇચ્છે છે કે તે ફિટ રહે. તેના માટે મેચ રમવી સારી રહેશે. પાંચ દિવસ સુધી અહીં ખાલી બેસી રહેવાનો કોઇ અર્થ નથી. તેના બદલે, તેના માટે પાંચ દિવસમાં ત્રણ મેચ રમવી અને દક્ષિણ આફ્રિકા સામેની મર્યાદિત ઓવરની મેચોની તૈયારી કરવી વધુ સારું રહેશે એવું એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

ભારત કમ્પાઉન્ડ મિક્સ્ડ ફાઇનલમાં, રિકર્વ તીરંદાજો બ્રોન્ઝ પ્લેઓફમાં

ઢાકા, તા. 12 (પીટીઆઇ) : એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપમાં બુધવારે ભારતનો મેડલ જીતવાનો સિલસિલો ચાલુ રહ્યો, જેમાં અભિષેક વર્મા અને દીપશિખાની મિક્સ્ડ ટીમ ફાઇનલમાં પ્રવેશી, જ્યારે રિકર્વ તીરંદાજો બ્રોન્ઝ પ્લેઓફમાં પહોંચ્યા પછી પણ મેડલની રેસમાં રહ્યા હતા. બીજી ક્રમાંકિત ભારતીય કમ્પાઉન્ડ જોડીએ એકતરફી સેમિફાઇનલમાં કઝાકિસ્તાનને 156-153થી હરાવીને વધુ એક મેડલ પાકો કર્યો હતો.

ભારતીય જોડી હવે યજમાન બાંગ્લાદેશ સામે ટકરાશે, જેણે દક્ષિણ કોરિયાને 158-153થી હરાવ્યું હતું. ભારત કોન્ટિનેંટલ ઇવેન્ટમાં સતત બીજો કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ગોલ્ડ મેડલ જીતવાની આશા રાખી રહ્યું છે. અદિતિ સ્વામી અને પ્રિયાંશે બેંગકોક 2023 આવૃત્તિમાં મિક્સ્ડ પેર ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે, ભારતે પાંચ મેડલ કન્ફર્મ કર્યા છે જ્યારે તે સાત વધુ મેડલની રેસમાં છે.

મહિલા બ્લાઇન્ડ ટી-20 વર્લ્ડકપમાં ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઇ) : મહિલા બ્લાઇન્ડ ટી-20 વર્લ્ડ કપમાં પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા, ભારતે મંગળવારે અહીં રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને 209 રનથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા, ભારતે સુકાની દીપિકા ટીસી ના 58 બોલમાં 91 અને ફૂલા સરીનના 22 બોલમાં નોટઆઉટ 54 રનની મદદથી ચાર વિકેટે 292 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ 52 વધારાના રન આપ્યા અને 26 પેનલ્ટી રન પણ આપ્યા હતા. જવાબમાં, ઓસ્ટ્રેલિયન ટીમ 19.3 ઓવરમાં 57 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. દીપિકાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

હસરંગાની લડત પછી રોમાંચક મેચમાં પાકિસ્તાન છ રને જીત્યું

સલમાન આગાની સદીની મદદથી પાકિસ્તાને 299 રન બનાવ્યા

હસરંગાની અર્ધસદીથી શ્રીલંકાએ 9 વિકેટે 293 રન બનાવ્યા

રાવલપિંડી, તા. 12 : શ્રીલંકાના પાકિસ્તાન પ્રવાસની ગઈકાલે મંગળવારે રમાયેલી પહેલી વન ડેમાં સલમાન અલી આગાની નોટઆઉટ સદી અને હુસેન તલતની અર્ધસદીની મદદથી પાકિસ્તાને ટોપ ઓર્ડરની નિષ્ફળતા છતાં પાંચ વિકેટે 299 રનનો સ્કોર બનાવ્યો હતો, જેની સામે છેલ્લી ઓવર સુધી ચાલેલા રોમાંચક પલટા વચ્ચે વનિન્દુ હસરંગાની અર્ધસદી છતાં શ્રીલંકા નવ વિકેટે 293 રન સુધી જ પહોંચતા પાકિસ્તાને છ રને જીત મેળવીને ત્રણ મેચની સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી હતી.

લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલા શ્રીલંકાએ 80 રનની ઓપનીંગ ભાગીદારીથી શરૂઆત મજબૂત કરી હતી પરંતુ મિડલ ઓવરોમાં તેણે વિકેટ ગુમાવવાના કારણે તેમને જીત માટે જરૂરી રનરેટ સતત વધતો રહ્યો હતો. જો કે આ દરમિયાન થયેલી કેટલીક ભાગીદારીઓથી શ્રીલંકા મેચને પોતાની તરફ વાળી શકે તેમ હતું. ઓલરાઉન્ડર હસરંગાએ અંતિમ ઓવરોમાં 52 બોલમાં 59 રન બનાવીને શ્રીલંકાની જીતની આશા જગાવી હતી પણ 10 બોલમાં 21 રનની જરૂર હતી ત્યાતે આઉટ થયો તે પછી બાજી બગડી હતી.તે આઉટ થયો ત્યારે શ્રીલંકાને 8 બોલમાં 21 રનની જરૂર હતી. છેલ્લી ઓવરમાં મહેશ તિક્ષાનાએ બે ચોગ્ગા ફટકારતા રોમાંચ વધ્યો હતો અને શ્રીલંકાને બે બોલમાં 9 રનની જરૂર હતી પણ તેમાં માત્ર બે રન આવ્યા હતા.

કાર્લોસ અલ્કારાઝ ફરીથી ટોચનું રેન્કિંગ મેળવવાની નજીક

ટોચનો ક્રમ પાછો મેળવવા માટે અલ્કારાઝે મુસેટ્ટીને હરાવવો પડશે અથવા સેમીફાઇનલ જીતવી પડશે

ટુરિન (ઇટાલી), તા. 12 : વિશ્વનો બીજો ક્રમાંકિત ખેલાડી કાર્લોસ અલ્કારાઝ તેની કેરિયરમાં બીજી વખત ટોચનું રેન્કિંગ પાછું મેળવવાની નજીક છે અને તેના માટે તેને ફક્ત એક જીતની જરૂર છે. મંગળવારે ATP ફાઇનલ્સ ટેનિસ ટુર્નામેન્ટમાં અલ્કારાઝે ટેલર ફ્રિટ્ઝને 6-7, 7-5, 6-3 થી હરાવ્યો હતો. હવે તેણે યાનિક સિનરને વર્ષના અંતે નંબર વન રેન્કિંગમાં સ્થાન મેળવવા માટે તેના અંતિમ ગ્રુપ મેચમાં લોરેન્ઝો મુસેટ્ટીને હરાવવું પડશે અથવા સેમિફાઇનલમાં જીત મેળવવી પડશે. અલ્કારાઝ સિઝનની અંતિમ ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પણ પહોંચ્યો, જેમાં વિશ્વના ટોચના આઠ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા હતા. મુસેટ્ટીએ એલેક્સ ડી મિનૌર પર 7-5, 3-6, 7-5થી જીત મેળવતા સિનરે અંતિમ ચારમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું.

આઠ શ્રીલંકન ખેલાડી પાકિસ્તાન પ્રવાસ પડતો મૂકી સ્વદેશ પરત ફરશે

શ્રીલંકાના આઠ ખેલાડીઓ દ્વારા સુરક્ષાના કારણોસર લેવાયેલા નિર્ણયથી પાકિસ્તાન શરમજનક સ્થિતિમાં

સ્વદેશ પરત ફરતા ખેલાડીઓના સ્થાને રિપ્લેસમેન્ટ ખેલાડીઓ મોકલવાની શ્રીલંકન ક્રિકેટની જાહેરાત

2009માં શ્રીલંકન ટીમ બસ પર પાકિસ્તાનમાં થયેલા ત્રાસવાદી હુમલામાં કેટલાક ખેલાડી ઘાયલ થયા હતા

2009માં જ્યારે શ્રીલંકન ક્રિકેટ બીજી ટેસ્ટ મેચ માટે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ જઈ રહી હતી ત્યારે મની બસ પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં શ્રીલંકન ટીમના ઘણા સભ્યો, જેમાં અર્જંતા મેન્ડિસ, ચામિંડા વાસ અને કેપ્ટન મહેલા જયવર્દને ઘાયલ થયા હતા, જ્યારે ઘણા પાકિસ્તાની સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા.

કોલંબો, તા. 12 (પીટીઆઇ) : ઇસ્લામાબાદમાં થયેલા ઘાતક બોમ્બ વિસ્ફોટમાં 12 લોકોના મોત અને અનેક ઘાયલ થયા બાદ સુરક્ષા ચિંતાઓને કારણે આઠ શ્રીલંકન ક્રિકેટરો ગુરુવારે પાકિસ્તાનથી સ્વદેશ પરત ફરવાના હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઘટનાક્રમનો અર્થ એ થયો કે ગુરુવારે રાવલપિંડીમાં બંને ટીમો વચ્ચે બીજી વનડે રમાશે નહીં. મંગળવારે રાવલપિંડીમાં પાકિસ્તાને પહેલી વનડે છ રને જીતી હતી. આ વન ડે સીરિઝ પછી ઝિમ્બાબ્વે સાથે ત્રિકોણીય શ્રેણી પણ યોજાવાની છે.

શ્રીલંકા ક્રિકેટ (એસએલસી) ના સૂત્રોએ જણાવ્યું હતું કે સ્વદેશ પરત ફરતા ખેલાડીઓની જગ્યાએ રિપ્લેસમેન્ટ ખેલાડીઓ મોકલવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ત્રણ વન ડેનું આયોજન સ્થળ રાવલપિંડી ઇસ્લામાબાદની નજીક હોવાથી ખેલાડીઓએ સ્વદેશ પાછા ફરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

આ ઘાતક હુમલા બાદ, બધી વિદેશી ટીમોએ એક દાયકાથી વધુ સમય સુધી પાકિસ્તાનનો પ્રવાસ કરવાનું ટાળ્યું હતું અને દેશને તેના ઘરેલું મેચોનું આયોજન કરવા માટે પશ્ચિમ એશિયામાં વિદેશી સ્થળોનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. એ નોંધનીય છે કે ડિસેમ્બર 2019માં શ્રીલંકાના પાકિસ્તાન પ્રવાસ સાથે દેશમાં ઇન્ટરનેશનલ ક્રિકેટની વાપસી થઈ હતી. ઇસ્લામાબાદમાં તાજેતરના આતંકવાદી હુમલા બાદ, પાકિસ્તાન પ્રવાસે આવેલી શ્રીલંકન ક્રિકેટ ટીમની સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

ચેસ વર્લ્ડકપ : એરિગાસી, પ્રજ્ઞાનંદા, હરિકૃષ્ણા ચોથા રાઉન્ડના ટાઇબ્રેકમાં

પણજી (ગોવા), તા. 12 : ભારતીય ગ્રાન્ડમાસ્ટર્સ અર્જુન એરિગાસી અને આર પ્રજ્ઞાનંદાએ બુધવારે અહીં ચેસ વર્લ્ડ કપના ચોથા રાઉન્ડમાં ડ્રો રમ્યો જ્યારે પી હરિકૃષ્ણાએ મુશ્કેલ પરિસ્થિતિને પાર કરીને ટાઇ-બ્રેક સુધી પહોંચ્યો હતો. એરિગાસીએ હંગેરિયન ગ્રાન્ડમાસ્ટર પીટર લેકો સામે 36 ચાલ પછી ડ્રો કરી હતો જ્યારે પ્રજ્ઞાનંદાએ 30 ચાલ પછી રશિયન ગ્રાન્ડમાસ્ટર ડેનિલ ડુબોવ સામે પોઇન્ટ શેર કર્યા હતા જ્યારે હરિકૃષ્ણાએ પણ 38 ચાલ પછી ડ્રો કરી હતો.

મુંબઈ માટે હજારે ટ્રોફી રમવા રોહિતે કંઈ કહ્યું નથી : MCA અધિકારી

રોહિત મુંબઇમાં એમસીએના બીકેસી સ્ટેડિયમમાં નિયમિતપણે તાલીમ લઈ રહ્યો છે

મુંબઈ, તા. 12 (પીટીઆઇ) : માજી ભારતીય કેપ્ટન રોહિત શર્માએ હજુ સુધી મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ)ને દેશની 50 ઓવરની સ્પર્ધા વિજય હજારે ટ્રોફી માટે તેમની ઉપલબ્ધતા વિશે જાણ કરી નથી.

વિજય હજારે ટ્રોફી 25 ડિસેમ્બરથી 18 જાન્યુઆરી દરમિયાન અમદાવાદ, રાજકોટ, જયપુર અને બેંગલુરુમાં યોજાશે, અને નોકઆઉટ મેચો બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે રમાશે.

એમસીએના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ કરી છે કે તેમને ભારતના વન ડે ઓપનર રોહિત તરફથી કોઈ સંદેશ મળ્યો નથી. હજુ સુધી મને ખબર છે, કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી એવું આ અધિકારીએ કહ્યું હતું. રોહિત અહીં એમસીએના બીકેસી સ્ટેડિયમમાં નિયમિતપણે તાલીમ લઈ રહ્યો છે.

થોડા દિવસ પહેલા ઓપનર યશસ્વી જયસ્વાલ પણ તેની સાથે તાલીમમાં જોડાયો હતો, ત્યારબાદ તે દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ માટે ભારતીય ટીમમાં જોડાયો હતો.

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી ટેન્ડર જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે જૂની વલસાડ નગરસેવા સદન (ફાઇનલ પ્લોટ નં. ૧૧૮) કે જે જર્જરિત બીલ્ડીંગને કઈ અકસ્માત ન થાય તેને વિશેષ કાળજી ફાઉડેશન સહિત ડીમોલીશન કરી કાટમાળ વાહન કરી જગ્યા ખુલ્લી કરવાના કામની ઓફર મંગાવવાના અંગે ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. ઇ-ટેન્ડર ની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઇટ (www.nprocure.com) જોવા મળશે. તેમજ ઇ-ટેન્ડર ની વિગત વેબસાઇટ (www.nprocure.com) પરથી તા.૧૪-૧૧-૨૦૨૫ થી જોવા મળશે. ટેન્ડર ડોકયુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઇન ભરવાની છેલ્લી તા.૦૩-૧૨-૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ કલાક રહેશે. તેમજ અન્ય દસ્તાવેજો રૂબરૂ, કુરિયર, રજી.પો.એડી. થી મોકલવાની છેલ્લી તા.૦૮-૧૨-૨૦૨૫ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૦૯-૧૨-૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે. વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવાથી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હક્કો નગરપાલિકાના અબાધિત રહેશે. ટેન્ડર મંજૂર કરવા કે નામંજૂર કરવાની સત્તા નગરપાલિકા ને રહશે, જેના કોઈ કારણો જણાવવામા આવશે નહીં. ટેન્ડર ડોકયુમેન્ટના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — પ્રમુખ, વલસાડ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૬૨૪/૨૦૨૫

SURAT MUNICIPAL CORPORATION
NEW EAST ZONE (SARTHANA)
EXPRESSION OF INTEREST

Surat Municipal Corporation (S.M.C.) Intends to run Sports activity under Utran Railway Flyover Bridge, Nr. Manisha Garnala in New East Zone (Sarthana), Surat Operating & maintaining for 2 Year. In this regards, SMC call for Consent/Offer from Private Organization of similar work experience.

Sr. No.	Description	Date
1	Start Date to Receive Consent/Offer	15/11/2025
2	Last Date of Submission of Consent/Offer	29/11/2025
3	Consent/Offer to be Submitted to	Executive Engineer, New East Zone (Sarthana), Beside Sankalp Residency, Behind Shyamdham Temple, Sartha na, Surat, Gujarat 395013
4	Mode of Submission	RPAD/ Speed Post
5	For More Detail and Download Documentsfrom SMC web site	www.suratmunicipal.gov.in

Notes:- For any details regarding planning & design, Contact to New East Zone (Sarthana), Beside Sankalp Residency, Behind Shyamdham Temple, Sarthana, Surat, Gujarat 395013

No.P.R.O./457/2025-26
DT. 12/11/2025

Deputy Commissioner(D.)
New East (Sarthana) Zone
Surat Municipal Corporation